કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી. આર. પાટીલે મહારાષ્ટ્રમાં પીવાના પાણી અને જળ સંસાધન ક્ષેત્રની સમીક્ષા કરી

મહારાષ્ટ્રમાં લાંબા ગાળાની જલ સુરક્ષા અને દુષ્કાળ નિવારણ માટે કેન્દ્ર અને રાજ્યે વ્યૂહરચનાઓ સંરેખિત કરી

પી.આઈ.બી. અમદાવાદ

જલ શક્તિ મંત્રાલયે આજે નવી દિલ્હીમાં ડીડીડબલ્યુએસ (DDWS) કચેરી ખાતે ગ્રામીણ પીવાના પાણી પુરવઠા યોજનાઓ, જલ સંસાધનો, સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે મહારાષ્ટ્ર રાજ્ય સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ; અને નાયબ મુખ્યમંત્રીઓ શ્રી એકનાથ શિંદે અને શ્રીમતી સુનેત્રા પવારની ઉપસ્થિતિમાં કરી હતી. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં મહારાષ્ટ્રના જળ સંસાધન મંત્રી શ્રી રાધાકૃષ્ણ વિખે પાટીલ; જલ સંસાધન મંત્રી (તાપી, વિદર્ભ અને કોંકણ) શ્રી ગિરીશ મહાજન; પાણી પુરવઠા અને સ્વચ્છતા મંત્રી શ્રી ગુલાબરાવ પાટીલ; અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા,

જેમાં જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ વિભાગના સચિવ શ્રી વી. એલ. કાંથા રાવ અને પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના સચિવ શ્રી અશોક કે. કે. મીના સામેલ હતા. બેઠક દરમિયાન, મહારાષ્ટ્રમાં જલ જીવન મિશન (JJM), જલ સંચય સે જન ભાગીદારી અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY) સહિતની કેન્દ્ર સરકારની મુખ્ય યોજનાઓના અમલીકરણની સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકને સંબોધતા કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભૂગર્ભ જળ રિચાર્જ, સ્ત્રોતની ટકાઉક્ષમતા અને લાંબા ગાળાની જળ સુરક્ષા માટે જળ સંચય જન ભાગીદારીને અગ્રતાના ધોરણે લોકોની આગેવાની હેઠળના આંદોલન તરીકે હાથ ધરવી જોઈએ.

KONARK BUILDERS & DEVELOPERS LIMITED

CIN: L51109GJ1984PLC094498

Regd. Office : 505, Abhishree adroit, Nr. Mansi Circle, Vastrpur, Ahmedabad-380015.
Website : www.konarkdevelopers.in, **E-mail :** kbdl84@gmail.com

EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31.03.2026

(Rs. In Lakhs)

Sr. No.	PARTICULARS	Quarter ended			Year Ended	
		31-03-2026	31-03-2025	31-12-2025	31-03-2026	31-03-2025
		Audited	Audited	Unaudited	Audited	Audited
1.	Total income from operations	5.58	84.50	7.77	27.99	149.23
2.	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	2.72	7.49	2.47	11.98	15.35
3.	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	2.72	7.49	2.47	11.98	15.35
4.	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	-0.77	4.18	2.47	8.49	12.04
5.	Total Comprehensive Income for the period [Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	-0.77	4.18	2.47	8.49	12.04
6.	Equity Share Capital	309.25	309.25	309.25	309.25	309.25
7.	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year	39.29	30.80	40.07	39.29	30.80
8.	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic : Diluted :	-0.03 -0.03	0.14 0.14	0.08 0.08	0.27 0.27	0.39 0.39

Note :
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.gopaliron.com)
2. The result of the Quarter ended on 31st March, 2026 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 30th May, 2026.

BY ORDER OF THE BOARD OF DIRECTORS,
FOR, KONARK BUILDERS AND DEVELOPERS LIMITED,
Sd/-
Mr. Hiteshkumar Pedhadiya,
(Managing Director)
(DIN : 09730310)

Place : Ahmedabad
Date : 30/05/2026

Jhaveri Credits and Capital Limited

CIN: L65910GJ1993PLC020371
Regd. Office : 19th Floor, Westport, Opp. Montecristo Banquet, Sindhu Bhawan Road, Thaltej, Ahmedabad - 380058, **Phone :** +91 9712000637,
Website : www.jhavericredits.com | **E-mail :** csjhavericredits@gmail.com

EXTRACT OF AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2026

(Rs. in lakhs, except per share data)

PARTICULARS	Quarter ended		Year Ended	Year Ended
	31-03-2026	31-03-2025	31-03-2026	31-03-2025
Revenue from Operations	4780.09	5225.28	11121.09	9069.63
Profit before exceptional items and tax	342.20	1125.30	246.74	393.69
Profit before Tax	257.28	1125.30	161.82	393.69
Profit for the period	288.36	1057.83	195.30	331.35
Total Comprehensive Income (after tax)	273.63	1057.83	180.57	331.35
Paid up Equity Share Capital (of Rs. 10 each)	1110.20	1060.20	1110.20	1060.20
Other Equity excluding revaluation reserve	–	–	10929.76	9731.07
Earnings per equity share (of Rs. 10 each) Basic (Not Annualised) Diluted (Not Annualised)	2.51 2.51	9.98 9.98	1.66 1.66	3.13 3.13

Notes :
1. The Audit Committee has reviewed the above results and the Board of Directors has approved the above results at their respective meetings held on May 30, 2026.
2. Additional information on Audited Standalone Financial Results is as follows: **(Rs. in lakhs, except per share data)**

PARTICULARS	Quarter ended		Year Ended	Year Ended
	31-03-2026	31-03-2025	31-03-2026	31-03-2025
Revenue from Operations	4780.09	5225.28	11121.09	9069.63
Profit before exceptional items and tax	342.20	1125.30	246.74	393.69
Profit before Tax	257.28	1125.30	161.82	393.69
Profit for the period	288.36	1057.83	195.30	331.35
Total Comprehensive Income (after tax)	273.63	1057.83	180.57	331.35
Paid up Equity Share Capital (of Rs. 10 each)	1110.20	1060.20	1110.20	1060.20
Other Equity excluding revaluation reserve	–	–	10936.68	9737.36
Earnings per equity share (of Rs. 10 each) Basic (Not Annualised) Diluted (Not Annualised)	2.51 2.51	9.98 9.98	1.66 1.66	3.13 3.13

3. The above is an extract of the detailed format of the Audited standalone and consolidated financial results for the quarter and year ended on March 31, 2026 filed with the Stock Exchange pursuant to Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
4. The full format of the Audited Standalone and Consolidated Financial Results for the quarter and year ended on March 31, 2026 are available on the Stock Exchange's website (www.bseindia.com) and the Company's website www.jhavericredits.com.

Place : Ahmedabad
Date : May 31, 2026

For Jhaveri Credits and Capital Limited,
Sd/-
Vishnukumar Patel
Chairman

ત્રીજા એડવાન્સ અંદાજો ભારતના કૃષિ ક્ષેત્રની મજબૂતી દર્શાવે છે; કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે રેકોર્ડ પાક અંદાજોને મંજૂરી આપી ભારતે અત્યાર સુધીનું સૌથી વધુ અન્ન ધાન્ય ઉત્પાદન નોંધાવ્યું; શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને અભિનંદન પાઠવ્યા

- **રેકોર્ડ અન્ન ધાન્ય ઉત્પાદન ૩૭૬.૫૬ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, તેમ કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું**
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ખેડૂતોની સમૃદ્ધિ માટે સરકારના સતત પ્રયાસો ઐતિહાસિક પરિણામો લાવી રહ્યા છે: શ્રી શિવરાજ સિંહ ચૌહાણ**
- **ચોખા, ઘઉં અને મકાઈના ઉત્પાદનમાં જોરદાર ઉછાળો; કેટલાક પાકો રેકોર્ડ સ્તરે પહોંચ્યા: શ્રી ચૌહાણ**
- **તેલીબિયાં અને શેરડીના ઉત્પાદનમાં મોટો ઉછાળો, કારણ કે ભારતની કૃષિ વૃદ્ધિ ગતિ પકડી રહી છે: શ્રી શિવરાજ સિંહ**
- **ઐતિહાસિક પાક: પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ખેડૂત-કેન્દ્રી વિઝન હેઠળ ભારતનું અન્ન ધાન્ય ઉત્પાદન નવી ઊંચાઈએ પહોંચ્યું**



પી.આઈ.બી. અમદાવાદ

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે વર્ષ ૨૦૨૫-૨૬ માટે મુખ્ય કૃષિ પાકોના ઉત્પાદનના ત્રીજા એડવાન્સ અંદાજો (થર્ડ એડવાન્સ એસ્ટીમેટ્સ) જાહેર કર્યા હતા અને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકાર ખેડૂતોની સમૃદ્ધિ અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટે સતત કામ કરી રહી છે, જેની સકારાત્મક અસર હવે રેકોર્ડ કૃષિ ઉત્પાદનના સ્વરૂપમાં દેખાઈ રહી છે.

ત્રીજા એડવાન્સ અંદાજો અનુસાર, દેશનું કુલ અન્ન ધાન્ય ઉત્પાદન ૩૭૬.૫૬૩ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૩૫૭.૭૩૨ મિલિયન ટનના ઉત્પાદન કરતા આશરે ૧૮.૮ મિલિયન ટન (૫.૩%) વધુ છે. આ દેશના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ અન્ન ધાન્ય ઉત્પાદન છે. શ્રી ચૌહાણે આ ઐતિહાસિક સિદ્ધિ બદલ દેશના ખેડૂતોને અભિનંદન પાઠવ્યા હતા.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ત્રીજા એડવાન્સ અંદાજો ભારતની કૃષિ પ્રગતિનું મજબૂત અને પ્રોત્સાહક ચિત્ર રજૂ કરે છે. પાકવાર વિગતો શેર કરતા કેન્દ્રીય કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે ચોખાનું ઉત્પાદન રેકોર્ડ ૧૫૪.૦૨૪ મિલિયન ટન, ઘઉંનું ૧૨૦.૬૫૭ મિલિયન ટન અને મકાઈનું રેકોર્ડ ૫૫.૦૯૩ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે. શ્રી અન્ન (મોટા અનાજ) નું ઉત્પાદન ૧૭.૫૮૪ મિલિયન ટન, તુવેરનું ૩.૫૯૨ મિલિયન ટન, ચણાનું ૧૨.૫૧૪ મિલિયન ટન અને મસૂરનું ૧.૭૬૨ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે.

તે જ રીતે, કુલ તેલીબિયાંનું ઉત્પાદન ૪૩.૦૫૯ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે. મગફળીનું ઉત્પાદન રેકોર્ડ ૧૩.૦૭૪ મિલિયન ટન પર પહોંચી ગયું છે, સોયાબીનનું ઉત્પાદન ૧૨.૫૯૬ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે અને રાયડો તેમજ સરસવનું ઉત્પાદન રેકોર્ડ ૧૩.૭૬૮ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે.

શેરડીનું ઉત્પાદન રેકોર્ડ ૫૦૦.૦૬૩ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જ્યારે કપાસનું ઉત્પાદન ૨૯.૦૨૪ મિલિયન ગાંસડી (બેલ્સ) અને શણનું ઉત્પાદન ૯.૧૭૬ મિલિયન ગાંસડી અંદાજવામાં આવ્યું છે.

શ્રી ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે વિગતવાર પાકવાર આંકડા દર્શાવે છે કે ચોખાનું ઉત્પાદન ૧૫૪.૦૨૪ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૫૦.૧૮૪ મિલિયન ટન હતું, જે ૩.૮૪ મિલિયન ટનનો વધારો દર્શાવે છે. ઘઉંનું ઉત્પાદન ૧૨૦.૬૫૭ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૧૧૭.૯૪૫ મિલિયન ટન કરતા ૨.૭૧૨ મિલિયન ટન વધુ છે. શ્રી અન્નનું ઉત્પાદન ૧૭.૫૮૪ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે. મકાઈનું ઉત્પાદન રેકોર્ડ ૫૫.૦૯૩ મિલિયન ટન પર પહોંચી ગયું છે, જે ગયા વર્ષના ૪૩.૪૦૯ મિલિયન ટનના ઉત્પાદન કરતા ૧૧.૬૮૪ મિલિયન ટન વધુ છે. પૌષ્ટિક અને બરછટ અનાજના ઉત્પાદનમાં પણ જોરદાર વૃદ્ધિ જોવા મળી છે, જેનું કુલ ઉત્પાદન ૭૪.૪૭૨ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે.

કઠોળમાં, તુવેરનું ઉત્પાદન ૩.૫૯૨ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૩.૬૨૪ મિલિયન ટનની લગભગ બરાબર છે.

ચણાનું ઉત્પાદન ૧૨.૫૧૪ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૧૧.૧૧૪ મિલિયન ટન કરતા ૧.૪ મિલિયન ટન વધુ છે. મસૂરનું ઉત્પાદન ૧.૭૬૨ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે.

તેલીબિયાંમાં, કુલ ઉત્પાદન ૪૩.૦૫૯ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે. મગફળીનું ઉત્પાદન ૧૩.૦૭૪ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૧૧.૯૪૨ મિલિયન ટન કરતા ૧.૧૩૨ મિલિયન ટન વધુ છે. સોયાબીનનું ઉત્પાદન ૧૨.૫૯૬ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે. રાયડો અને સરસવનું ઉત્પાદન ૧૩.૭૬૮ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૧૨.૬૬૭ મિલિયન ટન કરતા ૧.૧૦૧ મિલિયન ટનનો વધારો દર્શાવે છે.

કૃષિ મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે વ્યાપારી પાકોમાં, શેરડીનું ઉત્પાદન ૫૦૦.૦૬૩ મિલિયન ટન અંદાજવામાં આવ્યું છે, જે ગયા વર્ષના ૪૫૪.૬૧૧ મિલિયન ટનના ઉત્પાદન કરતા ૪૫.૪૫૨ મિલિયન ટન વધુ છે. કપાસનું ઉત્પાદન ૨૯.૦૨૪ મિલિયન ગાંસડી (પ્રત્યેક ગાંસડીનું વજન ૧૭૦ કિગ્રા) અંદાજવામાં આવ્યું છે, જ્યારે શણનું ઉત્પાદન ૯.૧૭૬ મિલિયન ગાંસડી (પ્રત્યેક ગાંસડીનું વજન ૧૮૦ કિગ્રા) અંદાજવામાં આવ્યું છે.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ત્રીજા એડવાન્સ અંદાજો સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશમાં અન્ન ધાન્ય, મુખ્ય અનાજ, તેલીબિયાં અને વ્યાપારી પાકોની ઉત્પાદન સ્થિતિ મજબૂત છે, જેમાં કેટલાક પાકો રેકોર્ડ ઉત્પાદન સ્તર હાંસલ કરે તેવો અંદાજ છે.

તેમણે ઉમેર્યું હતું કે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) અને તેની સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા કૃષિ સંશોધનોએ પણ મુખ્ય પાકોના ઉત્પાદન વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રયાસોમાં આબોહવા-સનુકૂળ પાકની જાતો, વર્ષા-આધારિત (રેનફેડ) ઉત્પાદન તકનીકોનો વિકાસ અને પાયાના સ્તરે ખેડૂતો સુધી સંશોધન પરિણામો પહોંચાડવાનો સમાવેશ થાય છે.

ગયા વર્ષે યોજાયેલા વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ, વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતો સુધી સીધા પહોંચીને દેશભરમાં કૃષિ પદ્ધતિઓને વધુ મજબૂત બનાવવામાં આવી હતી. ખેડૂતોને આબોહવા-સનુકૂળ તકનીકો, સુધારેલી પાક ઉત્પાદન પદ્ધતિઓ, વર્ષા-આધારિત ખેતી પદ્ધતિઓ અને સર્વગ્રાહી કૃષિ વિકાસ માટે વૈજ્ઞાનિક સલાહકાર સહાય પૂરી પાડવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬ માં, ICAR એ દેશના વિવિધ કૃષિ-આબોહવા વિસ્તારો માટે યોગ્ય એવી પાકની ૩૩૯ જાતો બહાર પાડી હતી, જેમાં અનાજ, તેલીબિયાં, કઠોળ, વ્યાપારી પાકો અને ચારા પાકોનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, બ્રીડર સીડ (સવર્ધક બિયારણ) નું ઉત્પાદન ૧૦૯,૩૭૦.૨ ક્વિન્ટલ પર પહોંચ્યું હતું, જ્યારે ગુણવત્તાયુક્ત બિયારણનું ઉત્પાદન ૪૩૩,૧૧૪.૭ ક્વિન્ટલ રહ્યું હતું. જમીન અને જળ સંસાધન વ્યવસ્થાપન, ક્લાઈમેટ-સ્માર્ટ કૃષિ, ડિજિટલ સોઈલ ઈન્ટેલિજન્સ અને ટકાઉ કૃષિ તકનીકોમાં સંકલિત નવીનતાઓએ મુખ્ય કૃષિ પાકોના ઉત્પાદન વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ અને કેનેડાના વેપાર મંત્રી શ્રી મનિન્દર સિદ્ધુએ ૫૦ બિલિયન યુએસ ડોલરના દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંક અને ભારત-કેનેડા CEPA વાટાઘાટોના વહેલા નિષ્કર્ષ માટે પ્રતિબદ્ધતાનો પુનોચ્ચાર કર્યો

- **શ્રી પિયુષ ગોયલે રોકાણ, ટેકનોલોજી ભાગીદારી અને ભારત-કેનેડા CEPA વાટાઘાટોને વેગ આપવા ટોરોન્ટોમાં કેનેડાના અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી**
- **શ્રી પિયુષ ગોયલે ટોરોન્ટોમાં 'કેનેડા-ઈન્ડિયા બિલ્ડિંગ બ્રિજિસ' ઈવેન્ટમાં મુખ્ય પ્રવચન આપ્યું, વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રહેલી તકો પર પ્રકાશ પાડ્યો**
- **શ્રી પિયુષ ગોયલે કેનેડા-ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ રાઉન્ડટેબલની સહ-અધ્યક્ષતા કરી, વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ભારતના વિકાસની ગાથામાં ભાગીદાર બનવા કેનેડાના રોકાણકારોને આમંત્રણ આપ્યું**
- **શ્રી પિયુષ ગોયલે ભારતની રોકાણ અને વિકાસની તકો પ્રદર્શિત કરવા અગ્રણી કેનેડિયન કંપનીઓ અને રોકાણકારો સાથે વન-ઓન-વન (વ્યક્તિગત) બેઠકો યોજી**
- **શ્રી પિયુષ ગોયલે બ્રેમ્પટનમાં ભારતીય પ્રવાસીઓને સંબોધિત કર્યા, ભારત-કેનેડા વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવામાં સમુદાયની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો**



પી.આઈ.બી. અમદાવાદ

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે તેમની મુલાકાતના બીજા દિવસે કેનેડાના ટોરોન્ટોમાં વરિષ્ઠ કેનેડિયન બિઝનેસ લીડર્સ અને સંસ્થાકીય રોકાણકારો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકોની શ્રેણી યોજી હતી, જેનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સહયોગને વધુ ઊંડો બનાવવાનો અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ તેમજ ટેકનોલોજી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. દિવસની શરૂઆત શ્રી પિયુષ ગોયલ દ્વારા વર્લ્ડ ટ્રેડ સેન્ટર ટોરોન્ટો ખાતે ગ્લોબલ અફેર્સ કેનેડા, CII અને એસોચેમ (ASSOCHAM) દ્વારા આયોજિત 'કેનેડા-ઈન્ડિયા બિલ્ડિંગ બ્રિજિસ' ઈવેન્ટમાં મુખ્ય પ્રવચન આપવા સાથે થઈ હતી. આ કાર્યક્રમમાં એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજી, ક્લીન ટેકનોલોજી, ઊર્જા, અને ઓઈલ એન્ડ ગેસ સહિતના ક્ષેત્રોના વ્યવસાયો, રોકાણકાર જૂથો અને ઉદ્યોગ સંગઠનોના ૧૫૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આ પછી શ્રી પિયુષ ગોયલ અને કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મિસ્ટર મનિન્દર સિદ્ધુ વચ્ચે રૂબરૂ સંવાદ યોજાયો હતો, જે દરમિયાન શ્રી ગોયલે ભારત અને કેનેડા વચ્ચે વધતી જતી પૂરકતાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને મજબૂત સરકાર-ઉદ્યોગ સહયોગ દ્વારા સંચાલિત વધુ જબૂત અને અનુમાનિત વ્યાપારી ઇકોસિસ્ટમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મંત્રી સિદ્ધુએ નજીકના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા માટે તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, કેનેડામાં અત્યાર સુધીના સૌથી મોટા ભારતીય વ્યાપારી પ્રતિનિધિમંડળની હાજરીની પ્રશંસા કરી હતી, અને આ વર્ષના અંતમાં નવેમ્બરમાં ભારત માટે 'ટીમ કેનેડા ટ્રેડ મિશન'ની જાહેરાત કરી હતી. પ્રસ્તાવિત મિશનનો ઉદ્દેશ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્રિટિકલ મિનરલ્સ (વ્યૂહાત્મક ખનિજો), પરમાણુ ઊર્જા, પુનઃપ્રાપ્ય ઊર્જા, સેમિકન્ડક્ટર્સ, ક્લીન ટેકનોલોજી, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં સહયોગની તકો શોધવા માટે કેનેડિયન કંપનીઓને ભારતમાં લાવવાનો છે. બંને પક્ષોએ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન યુએસ ડોલર સુધી વિસ્તારવાના અને વર્ષના અંત સુધીમાં CEPA વાટાઘાટો પૂર્ણ કરવાના તેમના સહિયારા ઉદ્દેશ્યનો પુનરોચ્ચાર કર્યો હતો. ત્યારબાદ બંને મંત્રીઓની સહ-અધ્યક્ષતામાં 'કેનેડા-ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ રાઉન્ડટેબલ' યોજાઈ હતી. આ રાઉન્ડટેબલમાં પેન્શન ફંડ્સ અને બેંકો સહિત અગ્રણી કેનેડિયન નાણાકીય રોકાણકારો સાથે ભારત અને કેનેડા બંનેના વરિષ્ઠ સરકારી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ચર્ચાઓ ભારત સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, નાણાકીય ક્ષેત્રના સુધારા અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ (વ્યાપાર કરવાની સરળતા) પરના સતત ભાર પર કેન્દ્રિત હતી, જે વૈશ્વિક રોકાણકારો માટે નોંધપાત્ર તકો ઊભી કરી રહી છે. શ્રી ગોયલે હિતધારકોને સ્વચ્છ ઊર્જા, ટેકનોલોજી, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઇન વૈવિધ્યકરણ જેવા ક્ષેત્રોમાં ભારત સાથે ભાગીદારી કરવા આમંત્રણ આપ્યું હતું, જ્યારે બંને દેશો માટે ટકાઉ વિકાસ અને સહિયારી સમૃદ્ધિને ટેકો આપવા માટે નાણાકીય બજારોમાં સહયોગને વધુ ઊંડો બનાવવાના માર્ગો શોધવા પણ જણાવ્યું હતું. શ્રી પિયુષ ગોયલે વીમો, ફૂડ પ્રોસેસિંગ, બેંકિંગ અને ક્રિટિકલ મિનરલ્સ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોની અગ્રણી કેનેડિયન કંપનીઓ તેમજ મુખ્ય નાણાકીય રોકાણકારો સાથે વન-ઓન-વન (વ્યક્તિગત) બેઠકો પણ યોજી હતી.

PATIDAR BUILDCON LIMITED

CIN: L85101GJ1989PTC058691

Regd. Office : Lati Bazar, Joravanagar, Dist. Surendranagar, Gujarat, India - 363020.
www.patidarbuildcon.com, **E-mail :** patidarbuildconltd@rocketmail.com

EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31.03.2026

(Rs. In Lakhs)

Sr. No.	PARTICULARS	Quarter ended			Year Ended	
		31.03.2026	31.03.2025	31.12.2025	31.03.2026	31.03.2025
		Audited	Audited	Unaudited	Audited	Audited
1.	Total income from Operations	8.80	37.81	8.47	61.26	138.22
2.	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	-14.31	-17.04	-9.90	-23.45	-37.00
3.	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	-14.31	-17.04	-9.90	-23.45	-37.00
4.	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	-14.32	-17.09	-9.90	-23.45	-37.29
5.	Total Comprehensive Income for the period [Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	-14.32	-17.09	-9.90	-23.46	-37.29
6.	Equity Share Capital	550.05	550.05	550.05	550.05	550.05
7.	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year	76.23	99.69	90.54	76.23	99.69
8.	Earnings Per Share (of Rs. 10 / - each) (for continuing and discontinued oporations) Basic : Diluted :	-0.26 -0.26	-0.31 -0.31	-0.18 -0.18	-0.43 -0.43	-0.68 -0.68

Note :
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.gopaliron.com)
2. The result of the Quarter ended on 31st March, 2026 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 30th May, 2026.

BY ORDER OF THE BOARD OF DIRECTORS,
FOR, PATIDAR BUILDCON LIMITED,
Sd/-
MR. RAJNIKANT PATEL,
(Managing Director)
(DIN : 01218436)

Place : Ahmedabad
Date : 30/05/2026